ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ અંક : ૪૬ * * * સંવત ૨૦૮૨ અષાઢ સુદ તેરસ , સોમવાર ૨૭ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

પરીક્ષા સુધારણા માટે હાઈ-પાવર્ડ ટાસ્ક ફોર્સની રચના

પીએમ મોદીએ ઇન્સ્ટા હેન્ડલ પર પોસ્ટ કરેલા વીડિયો મેસેજમાં તેની જાહેરાત કરી

વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો ધરાવતા આ જૂથના વડા તરીકે પીઢ ટેક્નોક્રેટ નંદન નિલેકણી રહેશે

આ ટાસ્ક ફોર્સ NTA દ્વારા લેવાતી ઉચ્ચ સ્તરીય પરીક્ષાઓમાં સુધારાઓ સૂચવશે

નવી દિલ્હી, તા. 26 : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જણાવ્યું હતું કે, NTA(નેશનલ ટેસ્ટિંગ એજન્સી) દ્વારા લેવાતી પરીક્ષાઓમાં સુધારા કરવા માટે ઈન્ફોસિસના સહ-સ્થાપક નંદન નિલેકણીના વડપણ હેઠળ એક ઉચ્ચ સ્તરીય ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, આ ટાસ્ક ફોર્સ એક મજબૂત અને પારદર્શક પરીક્ષા પદ્ધતિ તૈયાર કરવા માટે ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ અંગે પોતાના સૂચનો આપશે. પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર પોસ્ટ કરેલા એક વીડિયો સંદેશમાં આ જાહેરાત કરતા મોદીએ કહ્યું હતું કે કેન્દ્ર સરકાર વિદ્યાર્થીઓના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે સતત અનેક પગલાં લઈ રહી છે. તેમણે કહ્યું કે જેમણે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત રમી છે તેઓ હવે જેલના સળિયા પાછળ છે. વડાપ્રધાને જણાવ્યું હતું કે સરકારે અગાઉથી જ ફાસ્ટ-ટ્રેક કોર્ટની શરૂઆત કરી દીધી છે અને પરીક્ષા લક્ષી ગેરરીતિઓ સામે નિપટવા માટે સંસદમાં કડક

...અનુસંધાન પાના 2 પર

ત્રીજા 'સેલ્ફી મોડ' વીડિયોમાં પીએમ મોદીનો મોટો સંદેશ

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે સાંજે લગભગ 7 વાગ્યે તેમના ત્રીજા "સેલ્ફી મોડ" વર્ટિકલ વીડિયો દ્વારા વિદ્યાર્થીઓ અને પરીક્ષા સુધારાઓ અંગે એક મોટો સંદેશ આપ્યો. મોદીએ જણાવ્યું કે સરકાર વિદ્યાર્થીઓના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે સતત પગલાં લઈ રહી છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત રમનારાઓ આજે જેલમાં છે. વીડિયોમાં, વડા પ્રધાન મોદીએ જણાવ્યું હતું કે સરકારે

...અનુસંધાન પાના 2 પર

ટાસ્ક ફોર્સના સભ્યોમાં ટેક વિઝાર્ડ, અવકાશ વૈજ્ઞાનિક, સ્પાયમાસ્ટર સામેલ

નંદન નિલેકણીની આગેવાની હેઠળના આ ટાસ્ક ફોર્સમાં વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં નિલેકણી પોતે ટેક્નોલોજી લીડર છે, તેમની સાથે અવકાશ વૈજ્ઞાનિક ISROના માજી અધ્યક્ષ એસ. સોમનાથ, સ્પાય માસ્ટર એવા ઇન્ટેલિજન્સ બ્યુરોના પૂર્વ ડિરેક્ટર તપન ડેકા, એક શૈક્ષણિક નિષ્ણાત એવા IIT ચેન્નાઈના ડિરેક્ટર વી. કામકોટી, માજી

...અનુસંધાન પાના 2 પર

નંદન નિલેકણી આધાર કાર્ડ યોજનાના પણ ઘડવૈયા છે

ટાસ્ક ફોર્સના વડા તરીકે જેમની નિમણૂક કરાઇ છે તે નંદન નિલેકણી ભારતના એક જાણીતા ટેક્નોક્રેટ, ઉદ્યોગપતિ અને વિચારક છે. તેમને ભારતના ડિજિટલ રિવોલ્યુશન અને ટેક્નોલોજી ક્ષેત્રના અગ્રણી ઘડવૈયાઓમાંથી એક માનવામાં આવે છે. તેઓ ભારતની અગ્રણી IT કંપની ઇન્ફોસિસના સહ-સ્થાપક છે. તેમણે ૨૦૦૨થી ૨૦૦૭ દરમિયાન ઇન્ફોસિસના CEO તરીકે સેવા આપી હતી. ૨૦૦૯માં મનમોહન સરકારે તેમને UIDAIના ચેરમેન બનાવ્યા હતા. ભારતના ૧૦૦ કરોડથી વધુ નાગરિકોને ડિજિટલ ઓળખ આપતી 'આધાર' યોજનાને

...અનુસંધાન પાના 2 પર

યુરોપમાં દાવાનળ બેકાબૂ : 3,75,000નું સ્થળાંતર

વધુ 55000 સ્થળાંતર કરાવાતા એકલા ફ્રાન્સમાં જ 2,60,000 લોકોએ પોતાના ઘર છોડવા પડ્યા

સ્પેનમાં પણ 76000થી વધુ લોકોનું સ્થળાંતર સાથે, ઘર છોડનારાઓનો આંકડો 1,16,000 થયો, એકનું મોત

પેરિસ કરતા ચાર ગણા વિસ્તારને ખાખ કરી ચૂકેલા જંગલની આગને કાબુમાં લેવાના પ્રયાસો ભારે પવન ફૂંકાવાથી અવરોધાયા

લેજે-કેપ-ફેરેટ (ફ્રાન્સ), 26 (AP): દક્ષિણ-પશ્ચિમ ફ્રાન્સમાં ફાટી નીકળેલી ભીષણ દાવાનળને કારણે રવિવારે રાત્રે 55,000 લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. આ સાથે જ પ્રખ્યાત વાઇન પ્રદેશના મુખ્ય શહેર બોર્ડોક્સ તરફ આગળ વધી રહેલી આ આગને કારણે માત્ર એક જ ક્ષેત્રમાં પોતાના ઘર છોડવા મજબૂર થયેલા લોકોની કુલ સંખ્યા 2,20,000 સુધી પહોંચી ગઈ છે, સમગ્ર ફ્રાન્સમાં લગભગ 2,60,000 લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. બીજી તરફ, પાડોશી દેશ સ્પેને પણ પોતાના પૂર્વ દરિયાકાંઠાના વિસ્તારોમાં આગને કારણે લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરી છે, જેમાં 76,000 થી વધુ લોકોને તેમના ઘર છોડવા પડ્યા છે, જેનાથી સ્પેનમાં તાજેતરના દિવસોમાં જંગલની આગને કારણે ઘર છોડવા મજબૂર થયેલા લોકોની સંખ્યા 116,000 થઈ

...અનુસંધાન પાના 2 પર

સ્કોટલેન્ડ, ઇટાલીમાં પણ આગની ઘટનાઓ વધી

સ્કોટલેન્ડના હાઇલેન્ડ્સમાં, 15 જુલાઈથી કેર્નગોર્મ્સ નેશનલ પાર્કમાં 500 જેટલા અગ્નિશામકો મોટી આગને કાબુમાં લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. શુક્રવારે સાંજે હવામાનમાં ફેરફાર બાદ ખાલી કરાયેલા નેથી બ્રિજ ગામના રહેવાસીઓને શનિવારે મોડી રાત્રે તેમના ઘરે પાછા ફરવાની મંજૂરી આપવામાં આવી હતી. ઇટાલીમાં, અનેક ઝાડીઓમાં લાગેલી આગને કારણે રોમ રિંગ રોડનો દક્ષિણ ભાગ તેમજ રાજધાની તરફ જતો મોટરવે બંધ કરવો પડ્યો, જેના કારણે ટ્રાફિકમાં મોટો અવરોધ સર્જાયો. ઇટાલીના દક્ષિણ પુગ્લિયા ક્ષેત્રમાં, ગાર્ગાનો વિસ્તારમાં મોટી જંગલી આગને કારણે દરિયા કિનારાના રિસોર્ટમાંથી પ્રવાસીઓને બહાર કાઢવામાં આવ્યા હતા, એમ રાષ્ટ્રીય અગ્નિશમન વિભાગે જણાવ્યું હતું. ANSA સમાચાર એજન્સીએ ઉમેર્યું હતું કે, કોસ્ટ ગાર્ડ દ્વારા કેટલાકને સમુદ્ર માર્ગે લઈ જવામાં આવ્યા હતા.

સોનમ વાંગચુકને આજે હોસ્પિટલમાંથી રજા અપાશે

નવી દિલ્હી. એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકને સોમવારે મેદાંતા હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે અને તેઓ લદ્દાખ જવા રવાના થાય તે પહેલાં મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપવા રાજઘાટની મુલાકાત લેશે. એમ તેમની ટીમે જણાવ્યું હતું. શુક્રવારે મોડી રાત્રે તેમના 26 દિવસના ઉપવાસ છોડ્યા બાદ ગુરુગ્રામની હોસ્પિટલમાં સ્વાસ્થ્ય સુધારી રહેલા વાંગચુકને સોમવારે સવારે લગભગ 11.30 વાગ્યે રજા મળે તેવી શક્યતા છે. તેમને રજા આપ્યા બાદ તેઓ રવાના થતાં પહેલાં રાજઘાટની મુલાકાત લેશે. વાંગચુક અગાઉ નીટ પરીક્ષામાં

...અનુસંધાન પાના 2 પર

સુપ્રીમમાં આજે વિદ્યાર્થીઓ પર પોલીસ દમનની અરજી પર સુનાવણી

નવી દિલ્હી. સુપ્રીમ કોર્ટ નીટ પેપર લીક અને પરીક્ષાની અન્ય અનિયમિતતાઓ સામે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે પોલીસ અત્યાચારનો આક્ષેપ કરતી બે અલગ-અલગ અરજીઓ પર સોમવારે સુનાવણી હાથ ધરે તેવી શક્યતા છે. 27 જુલાઈની સર્વોચ્ચ

...અનુસંધાન પાના 2 પર

તા. ૨૬-૦૭-૨૦૨૬નું સુરત શહેરનું

હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો 0.0 મીમી	મોસમનો ૧૩૭૧ મીમી
ઉકાઈ	સપાટી આજની ૩૧૫.૮૮ ફૂટ	આઉટફ્લો ૮૦૦ ક્યુસેક
તાપમાન	મહત્તમ ૩૧.૭ સે.	લઘુત્તમ ૨૫.૮ સે. / ભેજ ૮૮%

યુક્રેનમાં ભારતીયો સાથેના વધુ એક જહાજ પર હુમલો

હુમલાનો ભોગ બનેલ એમવી એજીએન રાગનાર જહાજ પર ચાર ભારતીય કર્મચારીઓ હતા : બે સલામત, બે અંગે હજી માહિતી નહી

ઓડેસા બંદરે જહાજ પર હુમલો કોણે કર્યો તે અંગે હજી સ્પષ્ટતા નહીં

લંડન, 26 (PTI): યુક્રેનના ઓડેસા બંદર પર ચાર ભારતીયો સવાર હતા તેવા એક વેપારી જહાજ પર હુમલો થયો છે, જેમાંથી બે ભારતીયો સુરક્ષિત હોવાનું કીવ ખાતેના ભારતીય દૂતાવાસે રવિવારે જણાવ્યું હતું.

મિશને જણાવ્યું કે બાકીના બે ભારતીયો વિશે હજુ સુધી માહિતી મેળવવાની બાકી છે. આ ઘટના શનિવારે બની હતી જ્યારે એમવી એજીએન રાગનાર જહાજ ઓડેસા બંદર પર હુમલાનો ભોગ બન્યું હતું. ઓડેસા એ યુક્રેનનું મુખ્ય કાળો સમુદ્ર સ્થિત બંદર છે, જેના પર ૨૦૨૨માં રશિયા-યુક્રેન સંઘર્ષ શરૂ થયો ત્યારથી વારંવાર હુમલા થતા રહ્યા છે. ભારતીય મિશને એક નિવેદનમાં જણાવ્યું છે કે તે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે.

આ હુમલો ક્યાંથી કરવામાં આવ્યો હતો, ઘટના કઈ પરિસ્થિતિમાં બની કે જહાજના કર્મચારી ગણની કુલ

...અનુસંધાન પાના 2 પર

ભારતને સમજવા યુવાનોએ સરહદી ગામોની મુલાકાત લેવી જોઈએ : મોદી

વર્ચ્યુઅલ માધ્યમો પર નિર્ભર રહેવાને બદલે તળ વાસ્તવિકતાઓ જાણીને ભારતને સમજવાની જરૂર છે

વડાપ્રધાને 74 'વાઇબ્રન્ટ વિલેજ'ને આવરી લેતા VVV કાર્યક્રમમાં યુવાનો સાથે વાર્તાલાપ કર્યો

નવી દિલ્હી, 26 (PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જણાવ્યું હતું કે 'વિકસિત વાઇબ્રન્ટ વિલેજ'(VVV) કાર્યક્રમનો ઉદ્દેશ્ય યુવાનો વર્ચ્યુઅલ માધ્યમો પર નિર્ભર રહેવાને બદલે જમીન પર ઉતરીને ભારતને સમજે અને તેની સાથે જોડાય તેવી તકો પૂરી પાડવાનો છે. આ કાર્યક્રમ હેઠળ યુવાનો સરહદી ગામડોની મુલાકાત લે છે અને સ્થાનિક સમુદાયો સાથે રહે છે.

લડાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના 74 'વાઇબ્રન્ટ વિલેજ'ને આવરી લેતા VVV કાર્યક્રમ 2026ના સહભાગીઓ (જેમાંથી ઘણા જનરેશન ઝેડ/Gen Z થી સંબંધિત છે) સાથે વાર્તાલાપ કરતા મોદીએ કહ્યું કે દેશના સરહદી ગામડાઓમાં વિકાસની આકાંક્ષા અને દેશભક્તિની ભાવના એકસરખી રીતે જોડાયેલી છે. કેટલીકવાર એવું લાગે છે કે આ લોકો માટે પોતાના કરતાં દેશ વધુ મહત્વનો છે. વડાપ્રધાને કહ્યું કે 'ડેવલપ્ડ ઈન્ડિયા યંગ લીડર્સ ડાયલોગ' દરમિયાન તેમણે યુવાનો

...અનુસંધાન પાના 2 પર

કોમનવેલ્થ ગેમ્સમાં મીરાબાઈ ચાનુએ કરી ગોલ્ડન હેટ્રિક

મીરાબાઇએ સ્નેચમાં ઉપરાછાપરી બે વાર કોમનવેલ્થ ગેમ્સ રેકોર્ડ પણ તોડ્યો

ગ્લાસગો, તા. 26 : 2026 કોમનવેલ્થ ગેમ્સમાં ભારતની દિગ્ગજ વેઇટલિફ્ટર મીરાબાઈ ચાનુએ ફરી એકવાર મહિલાઓની 48 કિલોગ્રામ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીતીને ભારતનું ગૌરવ વધાર્યું છે. કોમનવેલ્થ ગેમ્સમાં મીરાબાઈ ચાનુનો આ સતત ત્રીજો ગોલ્ડ મેડલ છે, જે તેની શાનદાર કારકિર્દીમાં વધુ એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે.

સ્પર્ધાની શરૂઆતથી જ, મીરાબાઈ તેના સ્પર્ધકોથી ઘણી આગળ હતી. તેણે સ્નેચ રાઉન્ડમાં 82 કિલોનું સૌથી વધુ પ્રારંભિક વજન પસંદ કરીને મજબૂત એન્ટ્રી કરી. ત્યારબાદ મીરાબાઈએ તે જ મેચમાં સતત બે રેકોર્ડ તોડ્યા. તેણે પોતાના બીજા પ્રયાસમાં, 82 કિલો વજન ઉપાડીને

...અનુસંધાન પાના 2 પર

દક્ષિણ ચીનમાં 'નોઉલ' વાવાઝોડું ત્રાટકતાં ૧૦નાં મોત

ભારે વરસાદને કારણે પૂર: હાઇ-સ્પીડ રેલ સેવાઓ અને ફ્લાઇટો રદ, ચીનમાં આ વર્ષે ત્રાટકેલું આ ૧૨મું વાવાઝોડું

બીજિંગ, 26 (PTI): દક્ષિણી પ્રાંત ગુઆંગડોંગમાં રવિવારે વહેલી સવારે વાવાઝોડું 'નોઉલ' ત્રાટક્યા બાદ ચીનમાં વરસાદને કારણે આવેલા પૂરમાં 10 લોકોનાં મોત થયા છે. ચીનમાં આ વર્ષે ત્રાટકેલું 12મું અને સૌથી શક્તિશાળી વાવાઝોડું નોઉલ, ગુઆંગડોંગના હુઇઝોઉ શહેરમાં સવારે લગભગ 3:50 વાગ્યે ત્રાટક્યું હતું, જેના કારણે આ વિસ્તારના મોટાભાગના વિસ્તારોમાં વાવાઝોડા સાથે ભારે વરસાદ પડ્યો હતો. સરકારી સમાચાર એજન્સી શિન્હુઆના અહેવાલ મુજબ, ચીનના ગાન્સુ પ્રવાસન વિસ્તારમાં વરસાદને કારણે આવેલા ઘોડાપૂરમાં 10

...અનુસંધાન પાના 2 પર

હુથીઓએ સાઉદી અરેબિયા પર મિસાઈલ-ડ્રોન છોડ્યા

અરામકો ઓઇલ કંપનીના બે સ્થળોને નિશાન બનાવાયા, જો કે જાનહાનિ કે નુકસાનના અહેવાલ નહીં

યમન પર સાઉદીએ કરેલા હવાઇ હુમલાના બદલામાં હુમલા કર્યા

કૈરો, 26 (AP): મધ્ય પૂર્વમાં મહત્વપૂર્ણ શિપિંગ રૂટ્સ પર ચાલી રહેલા તણાવ વચ્ચે, યમનના ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓએ શનિવારે જણાવ્યું હતું કે તેઓએ વ્યૂહાત્મક રીતે મહત્વના રાતા સમુદ્રના હોદેઈડા શહેર પર સાઉદી અરેબિયાના હવાઈ હુમલાના જવાબમાં સાઉદી અરેબિયા પર મિસાઈલો અને ડ્રોન છોડ્યા હતા. આ ઘટના એવા સમયે બની છે જ્યારે અમેરિકા અને ઈરાન સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર નિયંત્રણ માટે સામસામે છે.

બ્રિગેડિયર જનરલ યાહ્યા સરી, જેઓ હુથી જૂથના સૈન્ય પ્રવક્તા છે, તેમણે પૂર્વ-રેકોર્ડ કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે આ હુમલામાં વિશ્વની સૌથી મોટી ઓઈલ કંપની અરામકોની રાતા સમુદ્ર કિનારે આવેલા યાનબુ અને જીઝાન શહેરોમાં આવેલી સુવિધાઓને નિશાન બનાવવામાં આવી હતી.

સાઉદી અરેબિયાના નાગરિક સંરક્ષણ વિભાગે જણાવ્યું હતું કે શનિવારે વહેલી સવારે બંને શહેરોમાં સાયરનો વાગી હતી, પરંતુ

...અનુસંધાન પાના 2 પર